પત્રિકા
૧૭૩

# ચિરાગે હિદાયત

૨૪/૦૮/૧૮
૧૨ ઝીલ્હજ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૪ ઝીલ્હજ /૨૬ ઓગષ્ટ : જનાબે ફાતેમા(સ.અ.)ને બાગે ફીદકને ભેટ
૧૫ ઝીલ્હજ/૨૭ ઓગષ્ટ : હઝરત ઈમામ અલીનકી(અ.સ.)ની વિલાદત
૧૮ ઝીલ્હજ/30 ઓગષ્ટ : ઈદે ગદીર

## ઈદે ગદીર

જે દિવસે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ની ખિલાફતે કુબરાનું એલાન ગદીરે ખુમના મેદાનમાં કર્યુ. દિની અને દુન્યવી વિલાયત અને ખિલાફતને સ્થાપિત કરી, તેજ દિવસથી તે દિવસને અઝમત અને મહત્વ આપવામાં આવી રહ્યું છે, અને કેમ ન હોય?! જે દિવસે બાદશાહ તેના શાહી સિંહાસન ઉપર બિરાજમાન થાય છે, તે દિવસ લોકો માટે હર્ષો-ઉલ્લાસનો દિવસ હોય છે, રોશનીઓ કરવામાં આવે છે અને ખુશીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. તો પછી જે દિવસે ઈસ્લામી રાજયની મહાન સત્તા ઉપર એક મહાન હસ્તી વહીની ઝબાનથી મહાન વિલાયતના દરજ્જે બિરાજમાન થાય તો તે દિવસને સાચેજ ઈદે અકબર તરીકે માનવો જોઈએ અને ખુશીઓનો ઈઝહાર કરવો જોઈએ.

આ ઈદે અકબર જે ઈદે ગદીર તરીકે મશહુર છે તે ફકત શિયાઓ પુરતી જ મર્યાદિત નથી. બલ્કે મુસલમાનોના બીજા ફિરકાઓ પણ તેનાથી સંકળાયેલા છે. એહલે સુન્નતના આલિમોએ પોતાની કિતાબોમાં બીજી ઈદોની સાથે-સાથે ઈદે ગદીરનો પણ ઉલ્લેખ કર્યો છે. આથી સમગ્ર મુસલમાનો માટે આ ઈદે ગદીર સામુહિક રૂપે ઈદે અકબર છે.

### * શ્રેષ્ઠ ઈદ:

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું "મારી ઉમ્મત માટે સૌથી શ્રેષ્ઠ ઈદ ગદીરે ખુમના દિવસની ઈદ છે. જે દિવસે અલ્લાહે મને તાકીદ કરી કે હું મારા ભાઈ અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.)ને ઉમ્મતના ઈમામ નિયુક્ત કરૂં. જેથી

કરીને તેમના થકી લોકો મારા પછી હિદાયત પામે, અલ્લાહે આ વિલાયતના એલાન થકી દીનને સંપૂર્ણ કર્યો છે અને ઉમ્મત ઉપર પોતાની નેઅમતોને પરિપૂર્ણ કરી છે. જેની ગવાહી ખુદ અલ્લાહે કુરઆનમાં આપી છે.''

* રાવી અહનફે સાદીકે આલે મોહમ્મદ(અ.સ.)ને અરજ કરી ''હું આપના ઉપર કુરબાન! મુસલમાનો દરમ્યાન અરફા, ઈદૈન અને જુમ્આ સિવાય પણ બીજી કોઈ ઈદ છે, જે તે બધાથી શ્રેષ્ઠ હોય?''

આપ(અ.સ.)એ ફરમાવ્યું ''હા, તે બધાથી ઘણો વધારે અફઝલ અને અશરફ તે દિવસ છે કે જયારે અલ્લાહે દીનને સંપૂર્ણ કર્યો અને આ આયત નાઝીલ ફરમાવી. અલયવમ અકમલતો લકુમ દીનકુમ..'' *(સૂરએ માએદાહ)*

અહનફે પૂછયું ''તે કયો દિવસ?''

આપ(અ.સ.)એ ફરમાવ્યું ''જયારે બની ઈસરાઈલના નબીઓ પોતાના પછી કોઈને વસી અથવા ઈમામ નિયુક્ત કરતા તો તે દિવસને ઈદ ઠેરવતા, આથી તમારા માટે પણ જે દિવસે રસૂલ(સ.અ.વ.)એ અલી(અ.સ.)ને વસી અને ઈમામ નિયુક્ત કર્યા એ બાબતે જે કાંઈ નાઝિલ થયું તે તમે જાણો છો.''

તેણે પૂછયું ''તે દિવસે શું કરવું જોઈએ?''

આપ(અ.સ.)એ ફરમાવ્યું ''નમાઝ, અલ્લાહની ઈબાદત, શુક્રગુઝારી અને અલી(અ.સ.)ની વિલાયતના એલાન ઉપર ખુશીનો ઈઝહાર કરવો અને આ દિવસે હું રોઝો રાખવાનું પસંદ કરૂં છું.'' *(તફસીરૂલ ફુરાત, સૂરએ માએદાહ)*

આ દિવસે રોઝાનો સવાબ ૬૦ મહિનાઓના રોઝાનો સવાબ છે. *(અલ કાફી)*

* *વિલાયતઃ*

એહમદ બિન મોહમ્મદ બિન ઉબૈદિલ્લાહ અલ હાફીઝ અલી બિન સીનાન અલ મૌસુલીથી નકલ કરે છે કે મેં રસૂલુલ્લાહ(સ.અ.વ.)ને આમ ફરમાવતા સાંભળ્યાઃ

મેઅરાજની રાતે અલ્લાહે મને પૂછયું ''શું રસૂલે એ બાબતમાં માન્યું જે કાંઈ તેમના પરવરદિગાર તરફથી તેમના ઉપર નાઝિલ કરવામાં આવ્યું.''

મેં કહ્યું "હા, અને મોઅમીનોએ અલ્લાહ, તેના ફરિશ્તાઓ, તેની કિતાબો અને તેના રસૂલો ઉપર અકીદો રાખ્યો છે."

અલ્લાહે કહ્યું "તમે સાચા છો."

પછી અલ્લાહે પૂછ્યું "તમે કોને વસી તરીકે પસંદ કર્યા?"

મેં કહ્યું "મારી ઉમ્મતમાંથી શ્રેષ્ઠને."

અલ્લાહે પૂછ્યું "તમારો મકસદ હઝરત અલી ઈબ્ને અબી તાલીબ(અ.સ.) છે?"

મેં કહ્યું "હા, અય અલ્લાહ!"

પછી અલ્લાહે કહ્યું "અય મોહમ્મદ(સ.અ.વ.)! મેં મારી તમામ મખ્લૂક ઉપર નિગાહ કરી અને તેઓમાંથી તમને પસંદ કર્યા. પછી મેં મારા નામ ઉપરથી તમારૂં નામ રાખ્યું. તેથી, તે કોઈના માટે જાએઝ નથી કે તમારૂં નામ લીધા વગર મારૂ નામ લે. મારૂ નામ મેહમુદ છે અને તમારૂં નામ મોહમ્મદ છે. પછી મેં ફરી મારી મખ્લૂકાત ઉપર નઝર કરી અને અલી(અ.સ.)ને પસંદ કર્યા અને મારા નામમાંથી તેમનું નામ કાઢયું. તેથી મારૂ નામ અઅલા છે (સૌથી ઉચ્ચ) અને તેમનું નામ અલી છે. અય મોહમ્મદ(સ.અ.વ.)! મેં તમને, અલી(અ.સ.), ફાતેમા(સ.અ.), હસન(અ.સ.), હુસૈન(અ.સ.) અને હુસૈન(અ.સ.)ની નસ્લમાંથી બીજા અઈમ્મા(અ.મુ.સ.)ને મારા નૂરમાંથી પૈદા કર્યા છે. પછી મેં મારી આસમાન અને ઝમીનની તમામ મખ્લૂકાતને તમારી વિલાયત કબૂલ કરવા કહ્યું. જેઓએ તે કબૂલ કરી તેને હું મોઅમીન માનું છું અને જેઓએ ઈન્કાર કર્યો તેને હું કાફીર માનું છું."

"અય મોહમ્મદ(સ.અ.વ.)! મારા બંદાઓમાંથી કોઈ બંદો મારી ત્યાં સુધી ઈબાદત કરે કે તેના ટુકડે ટુકડા થઈ જાય અને તેની પાસેથી કંઈ બાકી ન રહે. પરંતુ તે તમારી, ઈમામ અલી(અ.સ.)ની અને તેમના ફરઝંદોમાંથી અઈમ્મા(અ.મુ.સ.)ની વિલાયતને કબૂલ કરવાનો ઈન્કાર કરે, તો હું તેને કબૂલ

નહીં કરૂં અને માફ નહી કરૂં જયાં સુધી તે તમારી, અલી(અ.સ.) અને તેમના ફરઝંદોમાંથી અઈમ્મા(અ.મુ.સ.)ની વિલાયત કબૂલ ન કરે.''

પછી અલ્લાહે મને પૂછયું ''અય મોહમ્મદ(સ.અ.વ.)! શું તમે તેઓને જોવા ચાહો છો?'' મેં કહ્યું ''હા, અય અલ્લાહ!''

અલ્લાહે કહ્યું ''અર્શની જમણી બાજુ જુઓ.'' પછી મેં નિગાહ કરી અને અલી(અ.સ.), ફાતેમા(સ.અ.), હસન(અ.સ.), હુસૈન(અ.સ.), અલી બિન હુસૈન(અ.સ.), મોહમ્મદ બિન અલી(અ.સ.), જઅફર બિન મોહમ્મદ(અ.સ.), મુસા બિન જઅફર(અ.સ.), અલી બિન મુસા(અ.સ.), મોહમ્મદ બિન અલી(અ.સ.), અલી બિન મોહમ્મદ(અ.સ.), હસન બિન અલી(અ.સ.) અને મહદી(અ.ત.ફ.શ.)ને જોયા. તેઓ નૂરથી ઘેરાયેલા હતા અને ક્યામની હાલતમાં અલ્લાહની ઈબાદત કરી રહ્યા હતા. મહદી(અ.ત.ફ.શ.) તેઓની વચ્ચે હતા અને તેઓ ચમકતા સિતારાની જેમ ચમકી રહ્યા હતા.

પછી અલ્લાહે કહ્યું ''અય મોહમ્મદ(સ.અ.વ.)! તેઓ મારી નિર્ણાયક દલીલો છે અને મહદી(અ.સ.) મારા વતી બદલો લેશે. મારી ઈઝઝતની કસમ! તે મારા દોસ્તોને સાથ આપશે અને મારા દુશ્મનોથી બદલો લેશે. તેમનું અનુસરણ અને તેમની ઈતાઅત દરેક માટે વાજીબ છે. મારી પરવાનગીથી તેઓએ આસમાનને ઝમીન ઉપર પડવાથી રોકી રાખ્યું છે.''

*(ફઝીલત ૧૭, ઈમામ અલી(અ.સ.)ની ૧૦૦ ફઝીલતોમાંથી)*

અઝીઝો! ઈદે ગદીરના અઝીમ મૌકા ઉપર અલ્લાહથી દુઆ કરીએ કે જેવી રીતે આ દિવસે ઈમામતની પહેલી કડીની જાહેરાત થઈ, તેના સદકામાં અલ્લાહ ઈમામતની છેલ્લી કડી તારી આખરી હુજ્જતને પણ જાહેર કરી દે અને અમે ઈમામે ઝમાના(અ.સ.)ની સાથે આ ઈદે અકબરનું જશ્ન મનાવીએ. ઈલાહી આમીન.

*** અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ ***


પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com